# ગુજરાતમાં કોરોનાના નવા ૧૪૩૫૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૭

રાજયમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. ત્યારે ચાર મહાનગરોમાં જાણે કે કોરોનાનો રાફડો ફાટ્યો હોય એમ કેસ મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૫૨ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૭,૮૦૩ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૯૦,૨૨૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૭૪.૩૯ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૯૫,૧૧,૧૨૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૧,૧૧,૪૮૪ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૧૬,૨૨,૬૦૬ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૬૬,૬૨૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૮૭,૦૯૮ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૨૭,૮૪૦ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૪૧૮ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૨૭,૪૨૨ લોકો સ્ટેબલ છે. ૩,૯૦,૨૨૯ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૬,૬૫૬ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજયમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૬, સુરત કોર્પોરેશનમાં ૨૩, રાજકોટ કોર્પોરેશનમાં ૯, વડોદરા કોર્પોરેશનમાં ૧૦, જામનગર કોર્પોરેશનમાં ૯, ભાવનગર કોર્પોરેશનમાં ૨ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૩ દર્દીના મોત થયા છે. આ ઉપરાંત આણંદમાં ૧, અરવલ્લીમાં ૪, બનાસકાંઠામાં ૫, ભરૂચમાં ૨, ભાવનગરમાં ૨, બોટાદમાં ૧, છોટા ઉદેપુરમાં ૧, દાહોદમાં ૨, દેવભૂમિ દ્વારકામાં ૧, ગાંધીનગરમાં ૧, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૯, જૂનાગઢમાં ૨, કચ્છમાં ૧૨, મહિસાગરમાં ૨, મહેસાણામાં ૪, મોરબીમાં ૭, પંચમહાલમાં ૧, પાટણમાં ૪, રાજકોટમાં ૪, સાબરકાંઠામાં ૬, સુરતમાં ૪, સુરેન્દ્રનગરમાં ૫, વડોદરામાં ૪ અને વલસાડમાં ૩ દર્દીઓના મોત થયા છે. આ સાથે કુલ ૧૭૦ દર્દીઓના મોત થયા છે.

## કોરોના કોર્નર

- કોરોના અંગે આઈઆઈટી વૈજ્ઞાનિકોના રિપોર્ટમાં જણાવાયુ છે કે મે મધ્યમાં ભારતમાં કલ્પના બહારની પીક આવશે.
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨.૪૮ લાખ દર્દી સાજા થયા.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ડૉ. ટ્રેડ્રોલ ગેબ્રેયેલસે ભારતમાં કોરોનાની સ્થિતિને લઈ ચિંતા વ્યક્ત કરી છે.
- ટી.વી. કલાકાર હિનાખાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકાએ ભારત તરફ મદદ માટે હાથ લંબાવ્યો છે.
- કોરોના પર કેન્દ્ર સરકારે નવી ગાઈડલાઈન જારી કરતાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની કોર કમિટીની બેઠક મળી હતી.
- ભારતીય સેનામાંથી ૨ વર્ષમાં નિવૃત્ત થયેલા મેડિકલ સ્ટાફને પાછો બોલાવવામાં આવ્યો હોવાની વાત ચીફ ઓફ ડિફેન્સ જનરલ બિપીન રાવતે કહી છે.
- ઓક્સિજન માટે ગુજરાતમાં પ્રથમવાર ફાયરિંગની ઘટના કચ્છમાં નોંધાઈ છે.
- રતલામમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન વેચતા ૭ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે.
- ૧લી મે થી ૧૮ થી ઉપરની વયના લોકોને આપવામાં આવનાર કોરોના વેક્સીનેશન અંગે આજથી રજીસ્ટ્રેશનની શરૂઆત થશે.



### બાયડના વૈજનાથ મહાદેવમાં કોરોનાની મહામારીમાંથી મુક્તિ માટે વિશેષ પૂજા

પવનપુત્ર હનુમાન જન્મોત્સવ એટલે હનુમાન જયંતિ અને તેને શક્તિ પૂજન તરીકે પણ ઓળખવામાં આવે છે. મંગળવારે ચૈત્ર સુદ-પુનમ હનુમાન જયંતિની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં ઉજવણી થઈ. જૂજ ભક્તોની હાજરીમાં યજ્ઞ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા ત્યારે બાયડ સહિત સમગ્ર જિલ્લામાં અને રાષ્ટ્રમાં કોરોનાની મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ત્યારે કોરોનાની મહામારીમાંથી સૌને મુક્તિ મળે તે માટે બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપન પટેલ, પ્રેક્ષા પટેલની ઉપસ્થિતિમાં વૈજનાથ મહાદેવમાં વિશેષ પૂજા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યુવા મોરચાના પ્રમુખે જણાવ્યું કે આધુનિક વિજ્ઞાનની સાથે દેશમાં દેવી-દેવતાઓની શક્તિઓનું પણ મહત્વ રહેલું છે. કોરોનાએ સમગ્ર રાષ્ટ્રને હચમચાવ્યું છે ત્યારે કોરોનાને હરાવવા માટે સૌએ હિંમત દાખવવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક ફરજીયાત પહેરવો, જરૂર વગર ઘરની બહાર નહીં નિકળવું જેવા નિયમોનું પાલન કરવું પડશે.

## વડગામમા દાતાઓ કોરોના ગ્રસ્ત દર્દીઓની વારે રાજકીય આગેવાનો પ્રસિદ્ધ મેળવવા આગળ

વડગામ તાલુકા માં કોરોના ની બીજી લહેરે કોહરામ મચાવી દીધો છે.રોજે રોજ કોરોના સંક્રમિત દર્દીઓ નો વધારો થતો રહ્યો છે.જેના કારણે તાલુકા ભરના લોકોના બેહાલ બની રહ્યા છે.સરકારી ખાનગી હોસ્પિટલોમાં જગ્યાઓ નથી.વડગામ પંથકમાં કોરોના ગ્રસ્ત દર્દીઓ પીડાઓ ભોગવી રહ્યા છે.વડગામ તાલુકા મથકે માત્ર એક જ કોવિડ કેર સેન્ટર ઉભુ કરાયું છે.જેમા ઓક્સિજન નો અભાવ થી વડગામ તાલુકા ભાજપ ના યુવા અગ્રણી અને સમાજ સેવક સતિષ ભોજક દ્વારા ગીરીશભાઈ ભોજક નું ધ્યાન દોરતા વડગામના રહીશ અને સેવાભાવી દાતાએ માનવતા દાખવીને તાલુકા ના લોકોની પીડા દુર કરવા દાતા દ્વારા વડગામ આર્યુવેદ હોસ્પિટલ ખાતે બનાવેલી કોવિડ કેર ખાતે કોરોના ના દર્દીઓને ઓક્સિજન મળી રહે તે માટે વડગામના વતની અને હાલમાં વડોદરા સ્થિત ઉધોગપતી ગીરીશભાઈ ભોજક દ્વારા



ઓકસીજન ના ૫ બાટલા ખરીદીને તાલુકા ના લોકોની પીડાઓ દુર કરવા મદદે આવ્યા છે.સાથે સાથે મેમદપુર ના રહીશ વડગામ તાલુકા પંચાયત ના ડેલીગેટ અને ફેર પ્રાઈઝ એશોસીએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કોરોના ગ્રસ્ત દર્દીઓ ની સેવા માટે રૂ /- ૧,00000 (એક લાખ) માવતર દાન આપીને માનવસેવા નિભાવી છે.વડગામના યુવા સરપંચ ભગવાનસિંહ સોલંકી દ્વારા ખડેપગે રહીને જરૂરીયાત લોકોને ઓક્સિજન બોટલો પુરી પાડવા મદદરૂપ બની રહ્યા છે.વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા ધારાસભ્ય ની ગ્રાન્ટ માં થી ૩૦ લાખ રૂપિયા વડગામ ઓક્સિજન નો પ્લાન્ટ સ્થાપવા માટે તેમજ ૧૦ લાખ રૂપિયા વેન્ટિલેટર વસાવવા ૧૦ લાખ રેમડેસિવીર ઈન્જેકશન દવા ખરીદવા તથા ટોસીલેજુબે ખરીદવાની મંજુરી માટે રાજ્યના સચીવશ્રી અનિલ મુકીમ સમક્ષ લેખિતમાં રજૂઆત કરી છે.

## ઈડરમાં લોકડાઉનના પગલે બજારમાં લોકોની ભીડ, સોશિયલ ડિસ્ટનસિંગના ધજાગરા

ઈડર તા.૨૮

ઈડરમાં અઠવાડિયાનું સ્વૈચ્છિક લોકડાઉનને લઈને બજારમાં એક દિવસ પહેલો લોકોની ખરીદીને લઈને ભારે ભીડ જામી હતી. લોકડાઉનના કારણે ખરીદી કરવા આવેલ લોકો બજારમાં સોશિયલ ડિસ્ટનસિંગ નું ભાન ભૂલ્યા અને ખરીદીમાં વ્યસ્ત રહ્યા, જેના કારણે મુખ્ય બજારમાં ઠેરઠેર ટ્રાફિક જામ થયું હતું.



જિલ્લાભરમાં કોરોનાની બીજી લહેર વધુ ઘાતક અને જીવલેણ સાબિત થઈ રહી છે, અને કોરોનાના કેસો દિવસે દિવસે બેફામ વધી રહ્યા છે. શહેર હોય કે ગામડાઓ દરેક જગ્યાએ કોરોનાના કેસોમાં સતત વધારો થતો જાય છે અને લોકો ટપોટપ મોતને ભેટી રહ્યા છે ત્યારે વધતા કોરોનાના કેસોને અંકુશમાં લાવવા કોરોનાની ચેઈન તોડવા રાજ્યના વિવિધ શહેરોમાં સ્વૈચ્છિક આંચીક લોકડાઉન કરવાના પગલે ઈડર શહેર અને ગામડાઓમાં પણ કોરોનાની વધતી ચેઈન તોડવા બુધવારથી વેપારી એસોસિયેશન, પોલીસ અને વહીવટી તંત્ર ધ્વરા એક અઠવાડિયાનું સ્વૈચ્છિક લોકડાઉન કરવાનું કરવાનું નક્કી કરવામાં આવતા આજે લોકો કરિયાનું, ઘર વખરી તેમજ અન્ય ખરીદી કરવા ઈડર શહેર તેમજ ગામડાઓમાંથી લોકોની ભીડ જામી હતી. એક બાજુ સરકાર ધ્વરા કોરોના સામે લડવા અને તેની સામે રક્ષણ માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટનસિંગનું પાલન માટે જાગૃત કરી રહી છે છતાંય લોકો બજારમાં બેફામ કોરોનાના ડર વગર ખરીદી કરી રહ્યા હતા. એક બાજુ લગ્નની સિઝન હોઈ લોકોએ અગાઉથી મુહૂર્ત કઢાવી રાખેલ હોઈ તેની પણ ખરીદી કરવા આજે એક અઠવાડિયાના લોકડાઉનના પગલે લોકો ભારે સંખ્યામાં બજારમાં પહોંચતા ઈડરના મુખ્ય બજાર, મામલતદાર કચેરી આગળ તેમજ બસ સ્ટેશન વિસ્તારમાં લોકોની ભીડના કારણે રોડ પર ટ્રાફિક જામના થતા પોલીસ અને ટ્રાફિકના જવાનોના નાકે દમ આવી ગયો હતો. ઈડર મુખ્ય બજારમાં થઈ અમદાવાદ-અંબાજી હાઈવે રોડ પસાર થતો હોય આ રોડ રોજનો ટ્રાફિક જામમાં લોકો હેરાન થાય છે, ત્યારે આજે લોકડાઉનના પગલે ઈડર બજારમાં લોકોની ભારે ભીડ એકત્ર થતા ભારે ટ્રાફિક જામ થવા પામ્યું હતું.

## જન્મદિને વધામણી



મેશ્વાબેન પ્રવિણકુમાર વાઘેલા
ભુડાસણ, તા.બાયડ



શૈલેષ એસ. ભાટીયા
(પૂર્વ પ્રમુખ : જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ)
(કોમ્પ્યુટર ઓપરેટર : ગાંધીનગર સમાચાર, બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



પરંજીત પરેશભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી, બાયડ, સાયરા)



ડૉ. દેવરાજસિંહ એમ. ચૌહાણ
(માનવ મંદિર હોસ્પિટલ-ગાંભોઈ)
ગાંભોઈ તા. હિંમતનગર



ધ્રુમિક કમલેશભાઈ ચૌધરી
બાયડગામ

## હિંમતનગર-પાલનપુરમાં કોરોના કરફ્યું લાગુ, રાત્રે ૮ થી સવારના ૬ સુધી અમલ

**રાજ્ય સરકારે વધારાના નિયંત્રણો મૂક્યા, મોલ, શોપીંગ, જીમ, સ્વિમીંગપુલ, બ્યુટીપાર્લર, જાહેર બાગ-બગીચા બંધ રહેશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રાજયના અનેક શહેરી વિસ્તારોમાં કોરોનાના કારણે સ્થિતિ વધુ કથળી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા સંદર્ભે રાજ્ય સરકારે હિંમતનગર, પાલનપુર સહિત કુલ-૨૯ શહેરોમાં રાત્રે ૮-00 થી સવારના ૬-00 સુધી કોરોના કરફ્યું લાગુ કર્યો છે. આ તમામ શહેરી વિસ્તારોમાં વધારાના નિયંત્રણો મૂકવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. જે તા.૫ મે. સુધી અમલી રહેશે. નિયંત્રણો દરમ્યાન શહેરોમાં તમામ આવશ્યક સેવાઓ ચાલુ રહેશે પરંતુ મોલ, શોપીંગ, કોમ્પલેક્ષ, સ્વિમીંગપુલ, જીમ, વોટર પાર્ક, સ્પા, બ્યુટીપાર્લર, સિનેમાહોલ, ઓડીટોરીયમ બંધ રહેશે. તમામ એ.પી.એમ.સી. બંધ રહેશે પરંતુ શાકભાજી અને ફળફળાદીના વિતરણ સાથે જોડયેલા એ.પી.એમ.સી. શરતોને આધિન ચાલુ રહેશે.

ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ પછી હિંમતનગર અને પાલનપુરમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. દરરોજ સંક્રમિતોની સંખ્યામાં બમ્પર ઉછાળો આવી રહ્યો છે. સ્થિતિ દિવસે..દિવસે સુધરવાના બદલે વધુ ચિંતાજનક બને છે. આ સંજોગોમાં રાજ્ય સરકાર દ્વારા કોરોનાના સંક્રમણને અટકાવવા લગ્ન સહિતના શુભપ્રસંગોમાં જૂજ વ્યક્તિઓની હાજરીનો નિયમ અમલી બનાવ્યો પરંતુ નિયમોનો અમલ ન થતાં લગ્ન સમારંભોમાં પહોંચેલી પોલીસે કેટલાક લગ્નના આયોજકો સામે ગુના નોંધી તપાસ શરૂ કરી છે. રાજ્ય સરકારે યોજેલી તાકીદની બેઠકમાં વધુ ૯ શહેરોમાં રાત્રિના ૮-00 થી સવારના ૬-00 સુધી કોરોના કરફ્યુંનો અમલ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં અનાજ, કરીયાણાની દુકાન, શાકભાજી, ફળફળાદી, મેડીકલ સ્ટોર્સ, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાદ્ય પદાર્થની દુકાનો ચાલુ રહેશે. ઉદ્યોગો, ઉત્પાદન એકમો, કારખાના અને બાંધકામ પ્રવૃત્તિઓ ચાલુ રહેશે પરંતુ તેમાં એસ.ઓ.પી.નું ચૂસ્તપણે પાલન કરવું પડશે. રાજ્યના ધાર્મિક સ્થળોએ જાહેર જનતાનો પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે જે આ શહેરોને પણ લાગુ પડશે. માત્ર પુંજારી અને સંચાલકો પૂંજા વિધિ કરી શકશે. લગ્ન પ્રસંગમાં વધુમાં વધુ ૫૦ વ્યક્તિ અને અંતિમ વિધિમાં ૨૦ વ્યક્તિ હાજર રહી શકે તેવી આચારસંહિતા અમલી બનાવી છે.

## શામળાજી પોલીસે જુના ગાદલાઓની આડમાં લઈ જવાતો ૨.૯૨ લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ઉદેપુર - શામળાજી નેશનલ હાઈવે નંબર- ૮ ઉપર આવેલ અણસોલ ચેકપોસ્ટ ઉપર નાકાબંધી દરમિયાન પોલીસ કર્મચારી દ્વારા શંકાસ્પદ જણાતા પિકઅપ ડાલાને ઊભું રખાવવાની કોશિશ કરતા પોલીસને જોઈને ચેકપોસ્ટ ઉપરથી ભાગી છુટેલા પિકઅપ ડાલાને શામળાજી પોલીસે શામળાજી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડી બોલેરો પીકપ ગાડીમાં કપડાના જુના ગાદલાઓની આડમાં લઈ જવાતો કિં.રૂ. ૨,૯૨,૫૬૦/- ના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો જ્યારે અન્ય એક શખ્સ ફરાર થઈ જતા પોલીસે બોલેરોપીકપ ડાલા કિ.રૂ ૪,00,000/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂ ૬,૯૩,૦૬૦/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કોરોનાની મહામારીમાં માનવતાના દિવા ઝગમગ્યા

**જયઅંબે મંદબુદ્ધિ આશ્રમની અનોખી સેવા : બાયડની હોસ્પિટલો અને હોમ ક્વોરન્ટાઈન કોરોના દર્દીઓ માટે સવાર-સાંજ ટીફીન સેવા : ગરમા ગરમ ભોજન મળતાં દર્દી અને તેમનો પરિવાર હરખાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

કોરોનાએ સૌને હચમચાવ્યા છે એ સાથે ગરવા ગુજરાતમાં સેવાનો ધોધ શરૂ થયો છે. બાયડ સ્થિત જયઅંબે મંદબુદ્ધિ આશ્રમ બાયડની ખાનગી હોસ્પિટલ, વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલ અને હોમ ક્વોરન્ટાઈન થયેલા કોરોનાના દર્દીઓ માટે સવાર-સાંજ ટીફીન સેવા શરૂ કરી છે. આશ્રમની એમ્બ્યુલન્સ મારફતે દર્દીઓના ઘર અને પરિવાર માટે ગરમા ગરમ ભોજન મફતમાં પીરસાઈ રહ્યું છે. જયઅંબે મંદબુદ્ધિ આશ્રમે બિનવારસી ૧૬૦ જેટલી મહિલાઓની સેવાની સાથે એક અનોખુ સેવાયજ્ઞ શરૂ કરતાં બાયડની પ્રજાએ ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ જૈન અને તેમની ટીમને બિરદાવી છે.

માનવતાનો સાદ પડ્યો હોય ત્યારે બાયડના યુવાનો હંમેશાં ખડેપગે તૈયાર હોય છે. કોરોનાનું સંક્રમણ બન્યું હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે અને બાયડમાં વેપારીઓના સ્વૈચ્છીક લૉકડાઉનના કારણે તમામ ધંધા-રોજગાર છેલ્લા ૮ દિવસથી બંધ છે. જેથી દર્દી અને તેમના સગાને સવારે ચા-નાસ્તો અને જમવાનું હોય તો પણ મુશ્કેલી પડતી હોય છે આ સંજોગોમાં બાયડના આર.એસ.એસ. કાર્યકર્તાઓએ ચા ની સેવા શરૂ કર્યા પછી હવે જયઅંબે મંદબુદ્ધિ આશ્રમ દર્દી અને તેમના સગાઓની મદદે આવ્યો છે. કોરોનાના કારણે દર્દીની પાસે સબંધી કે પોતાના સંતાનો પણ જતા નથી અને હોમ ક્વોરન્ટાઈન હોય ત્યારે નજીકના પડોશી પણ ઘરની બહાર નિકળતા નથી. આવી તમામ સ્થિતિનો તાગ મેળવી બાયડમાં સવાર-સાંજ કોરોનાગ્રસ્ત દર્દીઓને મફત ભોજન મળી રહે તેવી વ્યવસ્થાનો વિચાર આવ્યો અને તૂરંત અમલ શરૂ થઈ ગયો. સવારે દાળ, ભાત, રોટલી, શાક અને સાંજે કઢી, ખીચડી, શાક અને રોટલી ગરમા ગરમ કોરોનાગ્રસ્ત દર્દીઓના ત્યાં આપવામાં આવી રહ્યા છે. અન્ય દર્દીઓ અને સગાઓ કે જે હોમ ક્વોરન્ટાઈન હોય અથવા હોસ્પિટલમાં સારવાર લેતા હોય તેમને ટીફીનની જરૂરીયાત હોય તો વિના સંકોચે હેલ્પલાઈન મોબાઈલ નંબર-૯૪૨૮૪૮૩૨૮૭ અને ૯૬૩૮૬૪૧૭૪૨ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. અત્યારે સવાર-સાંજ ૧૦૦ થી વધુ ટીફીનની સેવા આપવામાં આવી રહી છે.

## કોરોના સામે "મેડીસીન" લાચાર, જિલ્લાના વધુ બે શિક્ષકોને કોરોના ભરખી ગયો

**શિક્ષક આલમમાં શોકનું મોજુ, શિક્ષકોના મોતનો સિલસિલો ક્યારે અટકશે..??**

કોરોના સામે સૌ લાચાર થઈ ગયા છે. અપૂરતા બેડ, પ્રાણવાયુની અછત, રેમડેસિવિર ઈન્જેક્શન ગાયબ થઈ જવાની ઘટનાઓએ સરકારની સીસ્ટમ ઉપર સવાલ ઉભા કર્યા છે. કોરોના સામે મેડીસીન લાચાર છે તેવું કહેવું પડશે કારણ કે સારવાર દરમ્યાન જ અનેક દર્દીઓના મોત નિપજી રહ્યા છે. પાછલા ૧૨ કલાકમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૨ શિક્ષકોને કોરોના ભરખી જતાં શિક્ષક આલમમાં શોકનું મોજુ હાવિ થયું છે. અગાઉ માલપુર હાઈસ્કુલ ત્યારબાદ ટીંટીસર પ્રા.શાળા, ગોરલના પ્રા.શિક્ષકોને કોરોના ભરખી ગયાની કાળી શાહી





સૂકાઈ નથી ત્યાં ધનસુરા તાલુકાના શીકાના શિક્ષક હસમુખભાઈ ભટ્ટ (ચાંદરેજ હાઈસ્કુલ) અને ઈડર તાલુકાના ગોકલપુરાના પ્રા.શિક્ષક પંકજભાઈ મણીભાઈ પટેલ (નરસિંહપુરા પ્રા.શાળા)નું સારવાર દરમ્યાન કોરોનાના કારણે મોત નિપજ્યું છે. જિલ્લામાં સ્વૈચ્છીક લૉકડાઉન છતાં કોરોનાના કેસમાં ભયંકર ઉછાળો આવ્યો છે. કોરોનાના વધતા કેસથી ડૉક્ટરો ચિંતિત છે. કોરોનાની બીજી લહેરમાં કેસમાં ઉછાળો પરંતુ પ્રારંભમાં મૃત્યુ દર ઓછો હતો પરંતુ છેલ્લા એક પખવાડીયામાં કોરોના કાળમૂખો બની ગયો છે અને ૧૨૦ થી વધુ લોકોને ભરખી ગયો છે પરંતુ આરોગ્ય વિભાગના આંકડા તેનાથી જોજનો દૂર છે. કોરોનાએ એક પછી એક શિક્ષકોને ચપેટમાં લેવાની શરૂઆત કરી છે. અત્યાર સુધીમાં જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાં ફરજ બજાવતા ૯ થી વધુ શિક્ષકોના કોરોનાના કારણે મોત નિપજ્યા છે. જિલ્લાના ૮૦ થી વધુ શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયેલા છે જે પૈકી ૧૨ જેટલા શિક્ષકોની સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. કોરોના જાણે કે શિક્ષકોના મોતનો ભૂખ્યો હોય તેવી દહેશત ફેલાઈ છે.

### ધનસુરા હાઈસ્કુલમાં ૫૦ ટકા સ્ટાફ કોરોના સંક્રમિત

ધનસુરાની જે.એસ. મહેતા હાઈસ્કુલના ૫૦ ટકા સ્ટાફ કોરોનાથી સંક્રમિત થયાની વિગતો સામે આવી છે. શાળાઓમાં કોવિડ-૧૯ ગાઈડલાઈનનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું છે છતાં શિક્ષકો કેમ વધુ પ્રમાણમાં સંક્રમિત થઈ રહ્યા છે..?? શિક્ષકો સંક્રમિત થવાના કારણે તેમના પરિવારજનો પણ ચિંતિત છે અને શિક્ષકો વિદ્યાર્થી તેમજ વાલીના સંપર્કમાં પણ આવેલા હોવાના કારણે અન્ય વધુ લોકો પણ સંક્રમિત થવાની આશંકા છે. ધનસુરા અગાઉ મેઘરજ, બાયડ હાઈસ્કુલ, વાસણીરેલ હાઈસ્કુલ, મોડાસા કે.એન.શાહ હાઈસ્કુલ સહિતની અનેક શાળાના શિક્ષકો પણ અગાઉ કોરોનાથી સંક્રમિત થયા છે.

### ડેમાઈ ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું શંકાસ્પદ બિમારીથી મોત

બાયડ : કોરોનાએ અનેક બાળકોને સંક્રમિત કર્યાની વિગતો સામે આવી છે ત્યારે બાયડ તાલુકાની ડેમાઈ ખાનગી શાળામાં ધો.૭ માં અભ્યાસ કરતા વાંટડા (કાવઠ) ગામના વિદ્યાર્થીની તબિયત લથળતાં તાબડતોબ સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને લોહીની ઊલટી થયા પછી ફસડાઈ પડ્યો હતો. ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આમ કોરોના હવે બાળકો માટે પણ જીવલેણ તો સાબિત નથી થઈ રહ્યો ને..?? પરિવારના જણાવ્યા અનુસાર મૃતકમાં કોરોનાના કોઈ લક્ષણ જણાયા નથી પરંતુ પેટમાં દુઃખાવાની ફરિયાદ કર્યા પછી તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં મોત નિપજ્યું હતું.



## દુઃખદ અવસાન



બાયડની શ્રીજી સોસાયટીમાં રહેતા કેવલ પંડ્યા અને પાર્થ પંડ્યા (બાયડ શહેર ભાજપ આઈ.ટી. સેલ)ના પિતા મુકુંદભાઈ આર. પંડ્યા (માલપુરવાળા) નું નિધન થયેલ છે.



બાયડ : બાયડના પ્રકાશભાઈ ભાટીયા અને ધવલભાઈ ભાટીયાનાં માતા તારાબેન કનુભાઈ (લાલભાઈ) ભાટીયાનું નિધન થયેલ છે. વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખી ટેલિફોનિક બેસણું તા.૩૦ એપ્રિલ, શુક્રવારના રોજ રાખેલ છે.